| Volume 8 | Issue 2 | FEB. 2026

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# સાહિત્ય અને સમાજ:
# નર્મદના સાહિત્યમાં વ્યક્ત થતો સામાજિક દૃષ્ટિકોણ

**ડૉ.અબ્બાસઅલી એચ. સુથાર**

*ગુજરાતી વિભાગ,*
*જાફરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શેખપુર*

**પૂર્વભૂમિકા :**

સાહિત્ય સમાજનો અરીસો છે. સાહિત્ય સમાજને સમજવાની ચાવી છે. સાહિત્યમાં તત્કાલીન સમાજની પરિસ્થિતિને સર્જક પ્રત્યક્ષરીતે અથવા પરોક્ષ રીતે પ્રગટ કરે છે. કારણકે સર્જક પણ સમાજનો ભાગ છે. માટે તેના સાહિત્યમાં આસપાસની સામાજિક પરિસ્થિતિની અસર તેના સાહિત્ય પર પડ્યા વિના રહી શક્તિ નથી. સાહિત્ય સર્જન એક કળા છે. આ બાબત સર્વ સ્વીકાર્ય છે. જેમ કોઈવ્યક્તિ સારો શ્રોતા હોય તો, કોઈ વ્યક્તિ સારો વક્તા હોય તેમ કોઈ સારા લેખક હોય છે. આ ત્રણેય ગુણ બાબતે નિરીક્ષણ કરતાં વાચક, અભ્યાસુ અને જિજ્ઞાસુ હોવું અનિવાર્ય શરત છે. માટે એક સમર્થ સર્જક પોતાની આસપાસની સામાજિક ગતિવિધિઓનું તાદર્શ વર્ણન પોતાના સાહિત્યમાં કરે છે.

ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગના સર્જકોના સાહિત્યમાં મુખ્યત્વે સમાજને કેન્દ્રમાં રાખીને સમાજના પરિવર્તનનો અને સમાજમાં ચાલતા રીતરીવાજો, પરંપરાઓ, લોકમાન્યતાઓ અને સમાજના વિવિધ અંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સુધારકયુગના સર્જકોને સાહિત્યના ઉત્તમ સર્જકો કહેવા કરતાં સમાજસુધારકો કહેવું તે વધારે યોગ્ય લાગે છે. કવિ નર્મદ, કવિ દલપતરામ, નંદશંકર મહેતા, દુર્ગારામ, મહિપતરામ, નવલરામ, રમણભાઈ નીલકંઠ અને અન્ય પારસી લેખકોના સાહિત્યમાં આપણને સમાજનું જાગૃતતા અને રૂઢિગત સમાજમાંથી નવીન સમાજનું ઘડતર કરતા સાહિત્ય લેખો, કવિતા સાહિત્ય વગેરે પ્રાપ્ત થાય છે. તેથી સુધારકયુગના સર્જકોમાંથી કવિ નર્મદના સાહિત્યમાં વ્યક્ત થતો સામાજિક દૃષ્ટિકોણ તપાસવાનો ઉપક્રમ છે.

**ચાવીરૂપ શબ્દો :** સાહિત્ય અને સમાજ, સુધારકયુગ, કવિ નર્મદ, સામાજિક પરિપ્રેક્ષ્ય, વૈધવ્ય, પુનર્વિવાહ, બાળલગ્ન, સ્ત્રી કેળવણી, સમાજમાં રૂઢિચુસ્તતા

## સાહિત્ય અને સમાજ :

સાહિત્ય અને સમાજ બંને પરસ્પરના પૂરક ક્રિયાતત્વો હોવાથી જ્યાં જ્યાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં ત્યાં સમકાલીન જીવન રહસ્યોનું સાહિત્ય પણ રચાતું રહ્યું છે. સમાજ વ્યક્તિઓની આંતરક્રિયાઓના સાતત્યનું વ્યવસ્થાતંત્ર છે તેના આદર્શો, પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ, આયોજનો વગેરેને વ્યક્ત કે પ્રતિબિંબિત કરનારી વ્યક્તિઓની પ્રક્રિયાની અનુભૂતિના માધ્યમ તરીકે સાહિત્ય સર્જાય છે. સાહિત્ય હંમેશા સમાજના જીવતા જીવનના આધારે રચાતું હોય છે. જે સમાજજીવનની

ખાસિયતો, ક્ષતિઓ, પ્રશ્નો, પ્રાપ્તિઓ વગેરેને વાસ્તવિક ઘટનાઓના આધારે પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરતુ હોય છે.

સાહિત્યની સમાજ ઉપર દીર્ઘકાલીન અસરો થાય છે. સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા લોકમાનસનું ઈચ્છિત ઘડતર કરતા હોય છે. પોતાની કૃતિ દ્વારા સાહિત્યકાર પોતે જ સામાજિક પરિવર્તન ઝંખના હોય તે રજૂ કરીને અથવા તો જે સામાજિક સુધારાઓ કરવા ઈચ્છતા હોય તેને અનુલક્ષીને તે પોતાની કૃતિમાં વિચારો વ્યક્ત કરતા હોય છે. સાહિત્ય અને સમાજના સંબંધો લેખકની વિચારધારા તત્કાલીન સંસ્કૃતિ તેમજ વ્યક્તિ અને સમાજ ઉપર સાહિત્યના પ્રભાવોનું અધ્યયન કૃતિના આધારે જ શક્ય બને છે. સાહિત્ય સમાજની અભિવ્યક્તિ છે. સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે. પુનઃસૃષ્ટિ છે તે સમાજનું નિયામક અને પ્રભાવક છે. તે સમાજનો દસ્તાવેજ છે. તે સંસ્કૃતિનું વાહક અને સંરક્ષણ પણ છે.

લેખકનું લખાણ તેના વિચારોનો અરીસો છે. કોઈપણ લેખકના લખાણમાં તેનું વ્યક્તિત્વ ખીલેલું જોવા મળે છે. પોતાના મૌલિકતા સભર તથા મર્મસ્પર્શી લખાણો દ્વારા સર્જક પોતાના અનુભવોનું ભાથું સમાજને પીરસે છે. સમાજ સમક્ષ પ્રસ્તુત થતું સાહિત્ય લેખકના વૈચારિક સામાજિક સંઘર્ષનો નિચોડ રજૂ કરે છે. સમાજ અને સાહિત્ય માટે એટલું કહી શકાય કે સિક્કાની બે બાજુ છે. સાહિત્ય લેખકોને સાહિત્યમાં સમાજના દરેક પાસાઓને નોખો કરવામાં આવે છે. વિશ્વસાહિત્યમાં અલગ-અલગ સભ્યતાની સંસ્કૃતિ, સામાજિક પરિસ્થિતિઓ જીવનશૈલી વગેરે બાબતો આપણને જાણવા મળે છે. તેવી જ રીતે ગુજરાતી સાહિત્યમાં સૌથી વધારે સુધારકયુગમાં આપણને સમાજના ઉન્નતિના વિચારો પ્રગટ કરતુ સાહિત્ય પ્રાપ્ત થાય છે.

## સાહિત્યનો સામાજિક પરિપ્રેક્ષ્ય : સમાજશાસ્ત્રીય સંદર્ભે:

સાહિત્ય અને સમાજ એક સિક્કાની બે બાજુ છે. તેમ કહેવામાં સહેજપણ અતિશયોક્તિ નથી. કારણ કે, સાહિત્યમાં સમાજનો પડઘો ઝિલાય છે. સાહિત્ય સમાજ પરિવર્તનોની સાથે સાથે સત્તા પરિવર્તન સુધીની તાકાત ધરાવે છે. આ અંગેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન રચાયેલ સાહિત્ય છે. ભારત દેશની આઝાદીમાં તત્કાલીન સાહિત્યની ચાવીરૂપ ભૂમિકા રહી છે. જુદા જુદા સામયિકો પત્રિકાઓ અને અખબારો દ્વારા આઝાદીની જે ચળવળ શરુ કરાઈ તેના પરિણામ સ્વરૂપે એક લોકજુવાળ ઉભો થયો અને સ્વાતંત્ર્યતાનો સૂરજ ઉગ્યો !

અત્રે મહત્વની બાબત એ છે કે, લેખન અને સમાજ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા છે. સાહિત્ય હંમેશા સ્થળ અને કાળના સામાજિક સ્પંદનો ઝીલે છે. જેમાં તે સમયના રીત રિવાજો, સાંસ્કૃતિક બાબતો, સ્તરીકરણ, સામાજિક સંસ્થાઓ વગેરે બાબતો વણાઈ જાય છે. જે તે સમયનાં લખાણોમાં તે સમયનો સમાજ વરતાય છે. લેખકના લખાણમાં સમાજનું પ્રતિબિંબ પડે છે. સમાજમાં શું ચાલે છે ?, સમાજની શું સમસ્યા છે ?, સમાજની દિશા શું છે ?, સમાજમાં કેવા પ્રકારની પરિસ્થિતિ છે ?, સમાજની વ્યવસ્થા શું છે ?, સમાજની શું દશા છે ?, સમાજની વાસ્તવિક તસવીર કેવી છે ?, સમાજની તાસીર શી છે ? આ તમામ બાબતોનો વરતારો સાહિત્યમાં રજૂ થયા વિના રહેતો નથી.

લેખન એ સમાજનું પ્રતિબિંબ છે. કારણ કે, સાહિત્ય અને સમાજ પરસ્પર સંકળાયેલા છે. જે તે સમયના સાહિત્ય થકી તત્કાલીન સમાજની સમગ્રતયા વ્યવસ્થાને સમાજશાસ્ત્રીય સંદર્ભે સામાજિક પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકાય છે. જેના થકી સમાજમાં શું ચાલી રહ્યું છે ? તે અંગેનો વાસ્તવિક ચિતાર સાંપડે છે.

કવીશ્વર દલપતરામે જ્ઞાતિ નિબંધ, ભૂતનિબંધ, બાળ વિવાહ નિબંધ, બાળોઢાભ્યાસ નિબંધ, શહેર સુધરાઈના નિબંધ જેવા વિભિન્ન સાહિત્ય દ્વારા સામાજિક પરિપાટીની વાસ્તવિકતા અને પ્રસ્તુતતા રજૂ કરી છે. તેઓએ કાવ્યો અને નાટકો દ્વારા પણ સમાજ દર્શન કરાવ્યું છે. સુધારાના અરૂણ નર્મદાશંકરે પણ પોતાના લેખન દ્વારા તે સમયના સમાજનો

ધબકાર રજૂ કર્યો છે. પોતે મહારાજ લાયબલ કેસમાં કરસનદાસની તરફેણમાં સાહેદી પણ આપે છે. જે તેમની સંસાર સુધારાની ચાહના વ્યક્ત કરે છે. આપણે કરસનદાસ મૂળજીનાં સમગ્ર વ્યક્તિત્વથી મહારાજ લાયબલ કેસના માધ્યમ થકી પરિચીત છીએ. સત્યપ્રકાશમાં વ્યક્ત થયેલા તેઓના વિચાર તે સમયના સમાજમાં વ્યાપ્ત ધાર્મિક અંધશ્રદ્ધા, પાખંડ, વ્યભિચાર, સ્ત્રીઓની સ્થિતિ અંગેની વિગતવાર સમજ પૂરી પાડે છે. આમ, સુધારક યુગના સાહિત્યમાં કવિ નર્મદના સાહિત્ય સર્જનમાં સૌથી વધારે તત્કાલીન સમાજવ્યવસ્થાનો પડઘો ઝીલાતો જોવા મળે છે.

## સર્જક પરિચય: નર્મદ

અર્વાચીનોની યુગમૂર્તિ સમા ગુજરાતી સાહિત્યસર્જક કવિનર્મદનો જન્મ 24 ઑગસ્ટ 1833 સુરતના વૈદિક નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ લાલશંકર હતું તેઓ વ્યવસાયે લહિયા. પિતા ધંધાર્થે મુંબઈ રહેતા હોઈ નર્મદની બાલ્યાવસ્થા મુંબઈમાં પાંચ વર્ષની વયે મુંબઈમાં ભૂલેશ્વરની ગામઠી શાળામાં વિદ્યારંભ કર્યો હતો. પછી સૂરતમાં ઇચ્છારામ મહેતા અને દુર્ગારામ મહેતાજીની શાળામાં અભ્યાસ કર્યો. ઈ.સ.1844માં નાનીગૌરી સાથે લગ્ન બાદ ઈ.સ.1845માં અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. ઈ.સ. 1850માં મુંબઈની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. ત્યાં પણ કૉલેજનો અભ્યાસ અધૂરો મૂક્યો. ઈ.સ.1852માં રાંદેર ગામની શાળામાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી. ઈ.સ.1853માં પત્નીનું અવસાન થયું. ઈ.સ.1854માં પુન: મુંબઈ જઈ અભ્યાસમાં ચિત્ત પરોવવા પ્રયાસ કર્યો. કવિતા પ્રત્યે આકર્ષણ હોવાથી વડર્ઝવર્થની પ્રકૃતિકવિતાનો પ્રભાવ તેમના પર પડ્યો. ત્રેવીસ વર્ષથી કાવ્યલેખનની શરૂઆત કરે છે. ઈ.સ.1856માં કૉલેજનો અભ્યાસ અધૂરો છોડી ડાહીગૌરી સાથે લગ્ન કર્યું. ઈ.સ.1858ની 23 નવેમ્બરે નર્મદે શિક્ષકની નોકરી છોડી હંમેશ માટે નોકરી ન કરવાની અને કલમને ખોળે રહીને જીવવાની પ્રતિજ્ઞા લીધી. અનેક સંકટો અને સંઘર્ષો વચ્ચે ઝઝૂમી નર્મદે સાહિત્યોપાસના અને સમાજસુધારા પાછળ જીવન સમર્પિત કર્યું. ઈ.સ.1864માં 'ડાંડિયો' પખવાડિકનો પ્રારંભ કર્યો. સુધારા વિશેનો ભ્રમ ભાંગતાં ઉત્તરવયે નર્મદનું વિચારપરિવર્તન થયું. આર્યધર્મ અને સંસ્કૃતિના પુનરુત્થાનને તેણે સ્વધર્મ માન્યો. ઈ.સ.1876માં કવિએ મુંબઈ જઈ નાટકો લખવાનું કામ શરૂ કર્યું. ઈ.સ.1882માં પ્રતિજ્ઞા છોડી ગોકળદાસ તેજપાળના ધર્માદા ખાતામાં મંત્રી તરીકે નોકરીને સ્વીકારી. કાઠિયાવાડ ગૅઝેટિયરના ભાષાંતરનું કામ સ્વીકાર્યું. આઠ મહિનાની માંદગી બાદ 53 વર્ષની વયે 25 ફેબ્રુઆરી 1886 અવસાન થયું.

સુધારકયુગના આ અગ્રણી સાહિત્યકારને 'સમયમૂર્તિ' તરીકે ઓળખવામાં આવ્યો છે. સાહિત્યને સાધન બનાવી તે સમાજમાં વૈચારિક આંદોલન પ્રગટાવ્યું અને ગુજરાતી સાહિત્યના સમગ્ર બાહ્ય કલેવરને તથા અંત:તત્વને ધરમૂળથી પલટી નાખ્યું છે. એક સર્જક તરીકે કેટલીક મર્યાદાઓ હોવા છતાં તેણે એકલે હાથે કરેલાં નવપ્રસ્થાનો પર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે તે આપણને 'પ્રાણવંતો પૂર્વજ' લાગે છે. તેને અન્ય વિવેચકોએ 'યુગંધર', 'યુગપ્રવર્તક', 'સમાજ સુધારક' અને 'યુગદ્રષ્ટા' પણ કહ્યો છે.

## નર્મદના સાહિત્યમાં સામાજિક દૃષ્ટિકોણ:

આધુનિક ગુજરાતના જ્યોતિર્ધર તરીકે ઓળખાયેલ નર્મદાશંકર ૧૯મી શતાબ્દીમાં સદીઓથી વ્યાપ્ત વહેમ અને અજ્ઞાનથી ખદબદતા અંધકારને વૈજ્ઞાનિક અભિગમરૂપી મશાલને સહારે ઉલેચવાનું ભગીરથ કાર્ય હાથ ધરી તત્કાલીન સમયની વિભિન્ન સામાજિક સમસ્યાઓ પરત્વે સાહિત્યિક રણશિંગુ ફૂંકે છે.

નર્મદ શતાબ્દી ગ્રંથમાં શ્રી મણિલાલ દેસાઈ નર્મદના વ્યક્તિત્વનો પરિચય આપતા લખે છે, "કસુંબાની લાલચોળ પાઘડી, કસવાળું કલ્લી ચડાવવાનું ડાઘ વિનાનું સફેદ અંગરખું, ત્રણ આંગળ પહોળી રેશમી કિનારનું ધોતિયું, સુગંધથી મહેકતું શરીર, પાનના સુભાષિત મુખવાસથી લાલચોળ ઓષ્ઠ - આવો ફાંકડો રસિક નાગરિક તે નર્મદ." તત્કાલીન સમયની વિભિન્ન સામાજિક સમસ્યાઓ પ્રત્યે નર્મદ પોતાની કલમરૂપી શસ્ત્ર ઉપાડે છે. માત્ર કલમ થકી આ અંગે

સાહિત્યજ ન સર્જતાં પોતાના કાર્યો થકી વ્યવહારિક અભિગમ દ્વારા પરિવર્તનલક્ષી સુધરાઈનું બ્યુગલ ફૂંકે છે. મધ્યકાળમાં રાજકીય અને સામાજિક પરિસ્થિતિ એટલી વિપરીત બની ગઈ કે પુત્રીનો જન્મ આપત્તિરૂપ ગણાતો. ઘરમાં વહુનું સ્થાન ચાકરડી જેવું, પુત્રી અને પુત્રવધૂ વચ્ચે દેખીતો વેહેરોવંચો, વહુ મરી જાય તો જાણે ઉંદરડી મરી; વસ્ત્રાભૂષણોથી માંડી માથું ધોવાના અરીઠાં સુધીની દીકરીની બધી જરૂરિયાતો માવતરે જ પૂરી કરવાની અને છતાં સ્ત્રીને સંતાન ન થાય તો એક પર બીજી લાવવાનો ભય તો ખરો જ. આને લીધે દીકરીનો બાપ હંમેશા ઓશિયાળો ગણાતો. ભારે વાંકડો આપવાની ત્રેવડ ન હોય અને જિંદગીભર વરપક્ષના દબાયેલા રહેવું પડે એ સ્થિતિથી, રજપૂત અને પાટીદાર જેવી જ્ઞાતિઓમાં છોકરીને જન્મતાં જ દૂધપીતી કરવાની ભયાનક અને ધૃણાસ્પદ પ્રથા દાખલ થઈ હતી. સમાજમાં વિધવા વિવાહ, સ્ત્રી કેળવણી, બાળ વિવાહ, જ્ઞાતિવિવાહ, વૈધવ્ય, ધાર્મિક પાખંડો, વિદેશગમન અને વ્યભિચાર વગેરે સમાજના તમામ પાસાઓને જાહેર કરીને સમાજની દ્રષ્ટિ તથા અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો છે.

## ૧. વૈધવ્યની વેદનાને વાચા :

સમાજ સુધારક નર્મદ તેના સમકાલીન સમાજમાં ચાલી રહેલા સમાજમાં વૈધવ્યની વેદનાને વાચા આપતા તેની આત્મકથા 'મારી હકીકત'માં લખે છે. કે "રે ભાઈઓ, વિધવા કુકર્મ કરે તે જોવાં, તેઓને ગર્ભ રેહે છે તે જોવા, તેઓ ગર્ભપાત કરે તે જોવાં- આવી આવી રીતે કે ધગધગતા અંગારા બચ્ચાંઓનાં મ્હોડામાં મૂકે છે, કુમળું ડોકું મરડી નાંખે છે, રઝળતું ફેંકી દે છે, તેહેના પર તરતની ઓર ઢાંકીને ગૂંગળાવે છે, એ જોવાં, તેઓની અને તેઓના સગાંઓની લોકમાં લાજ જાય છે એ જોવા એ સહુ શું માણસ જાતની કુમળી છાતીને ફાડી નાંખનાર તોપના ધણધણતા ગોળા અને તરવારના તીખા ઝાટકા નથી ?" (શુક્લ રમેશ, ૧૯૯૬, ૨૮૪)

આ દ્વારા કવિ વિધવાની કરુણ દશા, વ્યભિચાર, બાળકને જન્મતાં જ મારી નાખતાં ઉત્પન્ન થતી જુગુપ્સા અને એ પરત્વે અકર્મણ્ય રહેલાં સમાજ પ્રત્યે કટાક્ષ કરતાં સીધું નિશાન સાધીને તે સમસ્યાના નિવારણમાં માટે સમકાલીન સમાજમાં પહેલીવાર વિધવા પુન:વિવાહની હિમાયત કરે છે.

નર્મદ કવિતામાં પણ કવિ બાળ વિધવાના મુખે જ પોતાની વેદનાને વ્યક્ત કરાવે છે. જે થકી પતિના મૃત્યુ બાદ વિધવા સ્ત્રીનું મુંડન કરાવવુ, તેનું ચૂડી કર્મ કરવુ વગેરે જેવી પ્રથાનો પરિચય સાંપડે છે. અંતે વિધવા સ્ત્રીની પોતાની વ્યથાની પરાકાષ્ટા 'અરર કોઈ ના રાંડશો જિરે' શબ્દોથી રજૂ કરાઈ છે.

બાળ રાંડનો વેશ કાઢતી વખતે તેની વેદનાને વાચા આપતા કવિ લખે છે.

'સમયતો દિઠો આવતો બુરો, અરર વેશતો કાઢવો પુરો;

મુંડણ જે સમે મ્હારું રે થયું, શરિર સામરૂં સોસિ તે ગયું;

સમયે તે હજી હું ન વીસરું, અરર હાય હું કેમ ન મરું;

કરિ વિલાપને ચીસ પાડતી, ગઈ હજામની પાસ લાજતી;

કરમ ચૂડિનું રે વળિ થયું, કરમ ફુટિરે તે દિને ગયું;

વર મુવો હુંતો જાણું તે દિરે, અરર કોઈ ના રાંડશો જિરે.'

આ પ્રકારે વૈધવ્યચિત્રના કાવ્યએ તે સમયના સમાજમાં ખળભળાટ મચાવ્યો હતો. વિધવાના જીવનની અપેક્ષાઓ, વિધવા પુનર્લગ્ન નિષેધ, બાળલગ્ન જેવા કંઈ કેટલાય સામાજિક વજૂદ ધરાવતા પ્રશ્નોને વાચા આપવાનો પ્રયત્ન નર્મદે કર્યો છે. જેના થકી તેણે સુધરાઈનું બ્યુગલ ફૂંકી વૈધવ્ય જીવન જીવતી મહિલાઓના આર્તનાદને વાચા આપી છે. માટે જ સુંદરમ નર્મદને વિધવાઓની બાબતમાં વધારે વાસ્તવવાદી કહે છે.

## ૨. બાળલગ્ન :

નર્મદ બાળલગ્ન અને કજોડા લગ્ન ન કરવાની સાથો સાથ વિધવા પુનર્લગ્ન અંગેની હિમાયત કરી છે. તેમજ આજેપણ જ્યારે સંતાનની અને ખાસ કરીને સંતાન તરીકે પુત્રની પ્રાપ્તિ ન થવાને કારણે પુરૂષ દ્વારા બીજા

લગ્ન કરવામાં આવે છે. ત્યારે તે સમયે નર્મદ સંતાન ન થવાને કારણે સ્ત્રીને પોતાની ઈચ્છાનો વર ખોળી પુનર્લગ્ન કરવા કહે છે. આમ, સ્વ પસંદગી લગ્નની પણ તેઓ હિમાયત કરે છે. નર્મદના સ્ત્રી સમાનતા પરત્વેના તેજાબી વિચારોની પ્રતિતી અત્રે થાય છે.

૧૯ મી શતાબ્દીમાં વ્યાપ્ત વિભિન્ન પ્રશ્નો પરત્વેનો અતિ મહત્વનો પ્રશ્ન એટલે બાળલગ્ન અને પુનર્વિવાહ. આ બાળલગ્ન અને પુનર્વિવાહ નિષેધની સામાજિક સમસ્યા પરત્વે પણ નર્મદ પોતાની કલમ ચલાવે છે. અને સામાજિક સુધારાનું રણશિંગુ ફૂંકે છે. બાળલગ્નોથી પ્રજા નિર્બળ જન્મે છે એમ કહેનાર નર્મદ કન્યાની વય રજોધર્મમાં આવ્યા પહેલાની અને છોકરાની વય મોટી, કન્યાની વયથી બમણી હોવી જોઈએ એવો શાસ્ત્રસંમત મત દર્શાવતાં, 'ધર્મજિજ્ઞાસા'ની પ્રશ્નોત્તરીમાં આ મુદ્દો સ્પષ્ટ કરતાં કહે છે. '...છોકરીને નવમું બેઠા વિના અને છોકરાને સોળમું બેઠા વિના લગ્ન કરવાં નહિ; સાથે રહેવાની વય ૧૩ અને ૧૯ની રાખવી. પચાસનો સાત-આઠનીને પરણે તે અતિ અધમ લગ્ન છે. પુનર્વિવાહ જૂજ થયા છે ને તે પણ સ્થિતિ વિધિ પરત્વે સ્વચ્છ નહી જ, નિયોગને માટે સમય જ નથી ને પુનર્વિવાહ ચાલવાનો સંભવ માનીએ તો તે વિષે આ પ્રમાણે મત આપીએ કે, અળગી ન બેઠેલી એવીનું તેના કોઈ સગાએ દાન આપવું અને અળગી બેસતી થઈ હોય ને તેની ઈચ્છા ફરી લગ્નની હોય તો તેણે ઈચ્છાવર ખોળવો. વળી ધણી સાથે રહેતી હોય ને સંતાન ન થયું હોય કે થઈને મરી ગયું હોય ને તેની ઈચ્છા હોય તો તેણે પણ ઈચ્છાવર ખોળવો," (શુક્લ રમેશ, ૧૯૯૮, ૭૮)

"નંદકુમાર, પુરી હવે હું હારી રે" એ પહેલી દ્રષ્ટિએ પ્રેમલક્ષણા ભક્તિનું હોવાનું લાગે તેવા પદમાં કજોડાથી દુઃખી થતી પણ ભલભલાને મોહ બાણ મારતી એક નાયિકા પ્રભુ સન્મુખ શરણાગતિના પ્રણયભાવ વ્યક્ત કરે છે. નર્મદે પ્રસ્તુત કાવ્યમાં કજોડાનું દુઃખ આ પ્રમાણે વ્યક્ત કર્યુ છે.

"પણીપત પીટ્યો સસ્હેજ તૃપ્ત બહુ થાય જો,

ચાખ્યું નહિ કો સંસારી સુખડું;

યોગ્ય પુરુષને તન-મન ધાવા જાય જો, નંદકુમાર...

બળી બળી રહીને દઉં છું વડીલને ગાળ જો.

જેનું કાજ રૂડું તે તેથી જ થાય રે;

ઘણું શું કહું ઓ પ્રભુજી સુખડું આલજો. નંદકુમાર..

ઉપરના કાવ્યોથી એ વાતને રજૂ થાય છે સ્ત્રીઓની સ્થિતિ, બાળ લગ્ન, કજોડા લગ્ન પુર્નવિવાહ અને વિષયીગુરુઓ એમ સમાજ સુધારાના વિભિન્ન અંગો પર નર્મદે નિશાન સાધ્યું છે.

### ૩. વિધવા પુર્નવિવાહની હિમાયત:

અઢારમી સદીમાં સમાજની સૌથી મોટો પડકાર કહી શકાય તો તે છે પુનર્વિવાહ. સામાજિક સુધારણા અંગેની મોટી વાતો કરતા ઘણા સુધારકો આપણે આજેપણ જોઈએ છીએ. પરંતુ સુધારા અંગેની માત્ર વાત ન કરતા પોતે સુધારો પોતાના વ્યવહારમાં અમલીકૃત કરી સમાજને નવી રાહ ચિંધવાનું કામ નર્મદે કર્યુ હતુ. જેનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત એટલે સને ૧૮૭૦માં વિધવા નર્મદાગૌરી સાથેના પુનર્લગ્ન વિધવા પુનર્લગ્ન અંગેનો દાખલો બેસાડવા સારૂ નર્મદ પોતે નર્મદાગૌરી નામે એક વિધવા સાથે પુનર્લગ્ન કરે છે. એક પુરુષ સુધારાને વશ થઈ નર્મદાગૌરી સાથે પુનર્લગ્ન કરવા તૈયાર થયો હતો. પરંતુ છેલ્લી ઘડીએ એ ફસકી ગયો એટલે નર્મદે પત્ની હયાત હોવા છત્તા નર્મદાગૌરી નામની વિધવા સાથે પુનર્લગ્ન કર્યું હતુ.

આ અંગે પોતાની આત્મકથામાં નોંધેલ ડાહીગૌરી સંવાદમાં થયેલ ચર્ચામાં નર્મદે આ બાબતે ડાહીગૌરી સાથે કરેલ વૈચારિક વિમર્શ એક સુધારક પુરૂષ તરીકે તેના વ્યક્તિત્વના જમા પાસે છે. તા. ૭ ઓક્ટોબર ૧૮૬૦ ના રોજ હિંદુ વિધવાઓના પુર્નવિવાહ પર નર્મદે રચેલી કવિતા સાંભળવા યંગ બોમ્બે વર્ગના પારસી અને હિંદુઓની સભા ટાઉનહોલમાં ડૉ, ભાઉદાજીના પ્રળખ પદે ભરાઈ હતી. જેમાં હિન્દુ વિધવાઓના પુર્નવિવાહની તેઓએ પ્રખર હિમાયત કરી હતી. જેના કેટલાક અંશો નીચે પ્રમાણે છે.

"હે ગૃહસ્થો ! વિધવાની દશા જોઈને તેઓની લાહાય ઓલવવાને અને બંધ છોડાવવાને આપણને ઘટે છે કે નહીં ? જો દયાળુ ધર્મી બરાહમણ વાણિયા છીએ તો

તેમ કરવું જ. કસાઈ હોઈએ તો ન કરવું. કસાઈ સારો કે એકદમ જીવ લે છે, ને આપણે વીધવાઓને રીબાવી રીબાવીને મારી નાખીએ છે."

"વીધવાને ન પરણાવવાથી કેટલાએક કુળ નીકંદન થઈ જાય છે, કેટલાએક પુરૂષો વાંઢા મરી જાય છે."

"ટુંકામાં સ્ત્રીઓની દશા પડતી આવે છે ને જાંહાં સુધી સ્ત્રીની દશા સુધરી નથી તાંહા લગી દેશની હાલત પણ સુધરનાર નથી." (શુક્લ રમેશ, ૨૦૦૪, ૮૦-૮૧)

આવા વધારે પ્રમાણમાં સમકાલીન સમાજમાં વિચારો નર્મદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યા જેના પરિણામે સમાજમાં અને ગુજરાતી સમાજમાં તા. ૧૧ મી ડિસેમ્બર ૧૮૬૦ નો દિવસ સુધારાના ઈતિહાસમાં ખૂબજ મહત્વનો છે. નર્મદે કરાવેલ આ પહેલાં પુર્નલગ્નનો અહેવાલ તા. ૨૬ મી ડિસેમ્બર ૧૮૬૦ ના રોજ સત્યપ્રકાશમાં "વેહેમ ઉપર સુધરાઈની ફતેહ" શીર્ષકથી પ્રકાશિત થાય છે. કવિ નર્મદ દિવાળીબેન અને ગણપતનું પુનર્વિવાહ કરાવે છે. (શુક્લ રમેશ, ૨૦૦૪, ૮૫-૮૬)

## ૪. શિક્ષણ દ્વારા સામાજિક સુધારણા:

નર્મદને અભ્યાસકાળ દરમિયાન સ્કોલરશીપ પણ મળેલ. તેમજ તેમના સામાજીક સુધારા તરફ પ્રવૃત્ત થવા બાબતે અંગ્રેજી કેળવણીની પણ મહત્વની ભૂમિકા રહેલ છે. દિકરીઓને ભણાવવાથી થતા ફાયદા જેવા વિષયો પર તેમણે નિબંધોનો મહાવરો કોલેજ કાળથીજ કર્યો હતો. નર્મદે તે સમયે કોલેજની દસ રૂપિયાની સ્કોલરશીપ માટેની પરીક્ષામાં બૈરાંઓને ભણાવ્યાથી ફાયદા છે, કે ગેરફાયદા છે, તે વિષય પર નિબંધ લખ્યો હતો. તરૂણાવસ્થામાં રોપાયેલ આ બીજ વટવૃક્ષ થઈ સામાજીક સુધારાનું રણશિંગુ ફૂંકી સ્ત્રી શિક્ષણ થકી સ્ત્રી મુક્તિનું બીજ અંકુરિત કરે છે.

સ્ત્રી શિક્ષણ નહિવત છે તેવા સમયમાં નર્મદ કુમુદચંદ્ર-પ્રેમપત્રિકા રચનામાં સ્ત્રી કવિઓ ઓછા હોવાની બાબત દર્શાવતા સ્ત્રીઓએ પણ કવિ તરીકે બહાર આવવું જોઈએ તે મતલબની વાત નાયક ચંદ્રના મુખે રજૂ કરે છે.

"પુરુષ કવિઓ બહુ દિસે, સ્ત્રી કવિ થોડીએક;
કુમુદ કવિ ક્યારે બને, એ મુજ મરજી નેક..."

(પાઠક જયન્ત, ૨૦૦૫, ૩૧)

શિક્ષણનું મહત્વ સમજતા વિદ્યાને મુક્તિનો માર્ગ દર્શાવી નર્મદ "દાસપણું કહાં સુધી ?" એવા માર્મિક પ્રશ્ન સાથે મુક્તિનો માર્ગ ચીંધે છે.

"દાસપણું કહાં સૂંધી કરવું. દાસપણું કહાં સૂંધી ?
રહી ભણ્યા પણ બૂધી, કરવું દાસપણું કહાં સુંધી....
પડયા ઉપર જે પાટૂં મારી. ઝુંસરી મુકવા આવે:
સંપે સિંગડાં ભોંકી તેની. કેમર કરવી ખૂંધી..
ભણી ગણીને હક સમજીને રીતે સામું થાતાં,
કારાગૃહથી મુક્ત થવાએ, કહે નર્મદ સદબુદ્ધિ"

(પાઠક જયન્ત, ૨૦૦૫, ૩૭)

'રણમાં પાછાં પગલાં ન કરવા વિષે' લખાયેલ લેખમાં નર્મદ વિદ્યાનું મહત્વ દર્શાવતા નોંધે છે. "માત્ર પૈસાથી જ સુધારો થયો, એવું ઈતિહાસમાં કોઈ ઠેકાણે જોવામાં આવ્યું નથી. નિયમ તો સર્વત્ર આજ જોવામાં આવે છે કે દેશનો સુધારો કરવામાં પ્રથમ વિદ્યાને ઊંચી પ્રતીના સદ્ગુણો જોઈએ પછી દ્રવ્યની સાહયતા હોય તો સુધારો વેહેલો પસરે, ન હોય તો મોડો પસરે...... પૈસાથી બહારથી સુધારો છે - અંદરનો નથી. અંદરનો સુધારો વિદ્યાથી છે; ને વિદ્યા, દુ:ખ ખમ્યા વિના પ્રાપ્ત થતી નથી ને કોઈને અપાતી નથી." (મહેતા દીપક, ૨૦૧૦, ૧૬૯-૧૭૧)

આમ, પ્રસ્તુત દ્રષ્ટાંતો થકી સુધારાનો નવોદિત દેશ બાંધવોને શિક્ષણરૂપી જ્ઞાનનો પ્રકાશ મેળવવા કહે છે. અને દ્રવ્યને આ દિશામાં ગૌણ ગણી તેના વિના થોડો મોડો પણ સુધારો તો પ્રસરે જ છે તેમ દર્શાવી વિદ્યાના મહત્વને રજૂ કરે છે. શિક્ષણ વગર સમાજની સ્ત્રીઓ અધૂરી છે તેથી એક સ્ત્રી વિદ્યા પ્રાપ્ત કરશે તો તે બંને ઘરોના દીવા પ્રગટાવે છે. તેથી નર્મદના શિક્ષણના વિચારોનું ખૂબ મહત્ત્વ જોવા મળે છે.

**ઉપસંહાર:**

આમ, નર્મદના સાહિત્યમાં સમાજ અને સાહિત્ય એકબીજાના પૂરક શબ્દો જોવા મળ્યા છે. ગુજરાતમાં અઢારમી સદીમાં સુધારકયુગમાં નર્મદના સાહિત્યથી સમાજમાં અનેક પાસાઓમાં પરિવર્તનો જોવા મળ્યા છે. એક સુધારકયુગના સર્જક વડે સમાજમાં વૈધવ્ય, બાળલગ્ન, વિધવા પુનર્વિવાહ અને સ્ત્રી કેળવણીના પડકારોને સાહિત્ય વડે સામાન્યજન સુધી પહોચાડીને તેને લોકોના માનસપટમાં અને સમાજના પ્રગતિના નકશામાં ફૂંક્યું છે. જે આપણે નર્મદના સાહિત્યમાંથી પસાર થઈએ તો ખબર પડે છે. નર્મદના સાહિત્યમાં આપણને વીર નર્મદને એક સમાજસુધારક અને સમાજશાસ્ત્રી તરીકે ઉપસી આવ્યો છે. તેના સાહિત્યમાં કેન્દ્રમાં સમાજ રહ્યો છે. તેના સમગ્ર સાહિત્યમાં સમાજ અને સાહિત્ય બંને જોડિયા શબ્દો પૂરવાર થયા છે.

**સંદર્ભ સૂચિ:**


૧. દવે નર્મદાશંકર લાલશંકર (૧૯૯૮) – મારી હકીકત – સંપાદક: શુક્લ રમેશ, પ્રાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.

૨. દવે નર્મદાશંકર લાલશંકર (૨૦૧૩) – નર્મદની કવિતા – સંપાદક: શુક્લ રમેશ, પ્રાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.

૩. દવે નર્મદાશંકર લાલશંકર (૨૦૧૩) – નર્મદના નિબંધો – સંપાદક: શુક્લ રમેશ , પ્રાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.

૪. જોશી ઉમાશંકર તથા અન્ય (૨૦૨૧) – ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ગ્રંથ-૩, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

૫. બ્રહ્મભટ્ટ ડૉ. પ્રસાદ (૨૦૧૫) - અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પ્રાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.

૬. ત્રિવેદી રમેશ એમ. (૨૦૦૯) – સુધારકયુગનું ગુજરાતી સાહિત્ય, આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૭. દેસાઈ નીરા અ. (૧૯૯૮) – ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૮. દવે મીનલ (૨૦૧૭) – સાહિત્ય સમાજનો આયનો, અરુણોદય પ્રકાશન, અમદાવાદ.

૯. પાઠક જયંત (૨૦૦૫) – નર્મદના કાવ્યો, આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૦. મહેતા દીપક (૨૦૧૦) – નર્મદની શબ્દસૃષ્ટિ, નવભારત સાહિત્ય મંડળ, અમદાવાદ